### ૪ માસમાં
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહનવેરા પેટે એપ્રિલમાં રૂ. ૬૮.૩૯ લાખ, મે માસમાં ૪૮.૧૩ લાખ, જુનમાં રૂ. ૬૩.૬૫ લાખ, જુલાઈમાં રૂ. ૭૯.૨૩ લાખ અને ઓગષ્ટમાં અત્યાર સુધીમાં ૩૬ લાખ રૂ.ની આવક થઈ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં ૧૭૦૦ જેટલા ફોર વ્હીલર અને ૧૮૯૧ જેટલા ટુ વ્હીલરની ખરીદી આ ચાર માસ દરમ્યાન થવા પામી છે. મનપા દ્વારા હવે આવક વૃદ્ધિ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. નવા આવકના સાધનો માટેની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

### ખિસ્સા કપાયા
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લે છે. ગઈકાલે રક્ષાબંધનના તહેવારને અનુલક્ષીને પણ ડેપોમાં મુસાફરોની ભીડ જોવા મળી હતી વિવિધ રૂટોની બસોમાં ટ્રાફિક વધ્યો હતો. આવા સંજોગોમાં બસમાં બેસતા બે મુસાફરોના ખિસ્સામાં ગઠીયાઓએ હાથફેરો કરી લીધો હતો. આ ગઠીયાઓએ મુસાફરોના ખિસ્સામાંથી રૂ ૭૦ હજારની રોકડ રકમ સેરવી લીધી હતી. દાહોદ રૂટની બસમાં મુસાફરનુ ખિસ્સુ કપાયુ હતુ જયારે મુસાફરના રૂ ૫૦ હજાર ચોરાઈ ગયા હતા આ ઉપરાંત સુરેન્દ્રનગર રૂટની બસમાંથી પણ મુસાફરના ખિસ્સામાંથી રૂ ૨૦ હજારની ઉઠાંતરી થઈ હતી. ડેપો સંકુલમાં તહેવારોના દિવસોમાં વિશેષ ભીડ રહે છે. જયારે ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે ગઠીયાઓ બિન્દાસ્ત બન્યા છે. આ સ્થિતિ વચ્ચે તહેવારોના દિવસોમાં ડેપોમાં ખાસ પોલીસ પહેરો ગોઠવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### પાણીની લાઈન
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ પ્રતિ એક હજાર લીટર રૂ ૨૫ લેખે પાણી સપ્લાય કરાશે. જયારે નોન ટી પી વિસ્તાર અલબત્ત ડી પી ને અનુલક્ષીને ગુડા તેમજ બિલ્ડરો ૮૦ : ૨૦ ના રેશિયા સાથે કામ કરે તે માટે પણ આયોજન કરાયુ છે. જેમાંથી ડી પી વિસ્તારમાં માર્ગ નિર્માણ, ગટર લાઈન, પાણી વિતરણ તેમજ સ્ટ્રીટ લાઈટ સહીતના મહત્વના કામો પણ સરળતાથી થઈ શકે તે મુજબની કાર્યયોજના પણ તૈયાર કરાઈ છે.

### ડગ ભરશે
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝુંબેશ પણ પંચ દ્વારા હાથ ધરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. જો આમ થાય તો ચૂંટણી ઓક્ટોબર માસમાં થઈ શકે એટલુ જ નહિ જે ઉમેદવારોના મૃત્યુ થયા છે તેમના કિસ્સામાં પણ પંચે નિર્ણય લેવાનો થાય એટલે પંચ ચૂંટણીની ઉતાવળમાં હોવા કરતાં દરેક પગલુ 'છાશ ફૂંકી ફૂંકીને' આગળ વધશે તેમ મનાઈ રહ્યું છે.

### ડ્રોનથી સર્વે
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લાને આ યોજના પાઈલોટ પ્રોજેક્ટ માટે પસંદગી કરવામાં આવી છે. આ પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના કુલ- ૧૮ ગામોનો સર્વે કરવામાં આવશે. હાલમાં ગાંધીનગર તાલુકાના રાજપુરા, મુબારકપુરા, પીંઢારડા, માધવગઢ અને જાખારો ગામમાં ડ્રોનથી સરવેની કામગીરી કરવામાં આવશે. હાલમાં સર્વેની કામગીરી માટે ચૂના માર્કીંગની કામગીરી આ પાંચ ગામમાં ચાલુ છે. જેમાં તા. ૨૪મી ઓગસ્ટથી આ પાંચ ગામમાં આ કામગીરીનો આરંભ કરવામાં આવશે.

### નવો ચહેરો
● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી હતી. બંને પાસેથી ૪ લાખની નકલી નોટો મળી આવી હતી અને પુછપરછ દરમિયાન તેમણે શારિકનું નામ આપ્યું હતું. ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે, શારિક પર દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં ૫૦થી વધારે કેસ નોંધાયેલા છે. સ્પેશિયલ સેલના ડીસીપીના કહેવા પ્રમાણે શારિક ઉર્ફે સટ્ટા એક સમયે ચોરીની ગાડીઓ ખરીદવાનું કામ કરતો હતો.

# આવતીકાલથી સે.૭એ ખાતે શ્રી ભારતમાતા મંદિરે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આરંભ

**ત્રણ દિવસીય મહોત્સવમાં અંતિમ દિવસે નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રી સહિત સંતો-મહંતો ઉપસ્થિત રહેશે : મહોત્સવ દરમ્યાન યુવા સંમેલન, માતૃશક્તિ સંમેલન, સંત સંમેલન તથા ધર્મસભા યોજાશે**

ગાંધીનગર તા.૨૩

ગાંધીનગર ખાતે આગામી તા.૨૫મી ઓગસ્ટ, બુધવારના રોજ સેક્ટર-૭એ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત શ્રી ભારતમાતા મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થશે. ત્રણ દિવસીય આ કાર્યક્રમમાં તા.૨૭મી ઓગસ્ટ, શુક્રવારે શ્રાવણ વદ પાંચમના રોજ મંદિરમાં મૂર્તિ પ્રવેશ, પ્રતિષ્ઠા તેમજ ધ્વજારોપણ યોજાશે. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં વિવિધ સંતો મહંતો ઉપસ્થિત રહેશે તેમજ મુખ્ય મહેમાનપદે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, વિહિપના કેન્દ્રીય સંયુક્ત મહામંત્રી સુરેન્દ્ર જૈન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંઘચાલક ડો. ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

સેક્ટર-એ ખાતે યોજાનાર ભારત માતા મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રથમ દિવસે બુધવારે ગણેશ પૂજન, કુટિર હોમ, વરુણ પુજન, કુમારીકા કળશપૂજન, જલપાન મૂર્તિ, શોભાયાત્રા, આરતી વગેરે પ્રસંગો યોજાશે જ્યારે બીજા દિવસે ગુરુવારે શાંતિ પૌષ્ટિ હોમ, મૂર્તિ, દંડ, કળશ, શિખર મહાભિષેક, ધાન્યાધિવાસ આરતી વગેરે પ્રસંગો યોજાશે. મહોત્સવના અંતિમ દિવસે શુક્રવારે દૈવત્ય આહવાન, મંદિરમાં મૂર્તિ પ્રવેશ, પ્રતિષ્ઠા ધ્વજારોપણ, પ્રથમ પૂજન, મહાઆરતી અને પૂર્ણાહુતિ વગેરે યોજાશે. મહા યજ્ઞના આચાર્ય પદે અશોકભાઈ શુક્લ બિરાજશે તેમજ મૂર્તિ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન ગં.સ્વ. કસ્તુરબેન વિસનજીભાઈ પટેલ પરિવાર તથા ગં.સ્વ. રામબાઈ કરમશીભાઈ ધોળું પરિવાર બિરાજશે. આ મહોત્સવમાં પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી, કલોલના સત્યનારાયણ મંદિરના મહામંડલેશ્વર પૂ. રામમનોહરદાસજી મહારાજ, વાવોલ રામજી મંદીરના મહંત પૂ.મધુસુદનદાસજી મહારાજ, બાલવાના ગિરનારી આશ્રમના પૂ.ગીતાદીદી રામાયણી, ગાંધીનગરની સત્સંગ શિક્ષા પરિષદના પૂ.રામકૃષ્ણદાસજી સ્વામી, સે.૨ સ્વામિનારાયણ મંદિરના મહંત પૂ. પી.પી.સ્વામી અને માણસાના પ્રેમ આશ્રમના પૂ.પ્રેમદાસજી મહારાજ સહિત સંતો મહંતો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન બુધવારે યુવા સંમેલન, ગુરૂવારે માતૃશક્તિ સંમેલન, શુક્રવારે સંત સંમેલન અને ધર્મસભા જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા કરવામાં આવ્યું છે.

# ગાંધીનગર કોર્ટમાં કેસોને સેન્ટ્રલી રાખવા ફાઈલીંગ સેન્ટર શરૂ કરાયું

**વકીલો તેમજ અરજદારોનું કામ સરળ બનશે ફાઈલીંગ સેન્ટર માટે સ્ટાફ પણ ફાળવવામાં આવ્યો**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર જિલ્લા ન્યાયાલય ખાતે આજે ફાઈલીંગ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ફાઈલીંગ સેન્ટરમાં બધા કેસ સેન્ટ્રલી ફાઈલ થતા વકીલો તેમજ અરજદારોનુ કામ પણ સરળ બનશે. જયારે આ સેન્ટર માટે ન્યાયાલય દ્વારા ખાસ સ્ટાફ પણ ફાળવવામાં આવ્યો છે. ગાંધીનગર ડિસ્ટ્રીકટ જજ કુ. એન સી રાવલના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ફાઈલીંગ સેન્ટરનુ ઉદઘાટન કરાયુ હતુ.

ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટમાં રોજબરોજ આવતા વકીલો તેમજ મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. કોર્ટ સંકુલમાં નિયમિત કોર્ટ કાર્યવાહી સાથે સમયાંતરે લોક અદાલતનુ પણ આયોજન કરવામાં આવે છે જેના લીધે કેસોનો ઝડપથી નિકાલ થાય બીજીતરફ વકીલો તેમજ અરજદારોની સરળતા માટે આજથી કોર્ટમાં ફાઈલીંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી હતી. સવારે ૯:૩૦ કલાકે કોર્ટના નીચેના ભાગે ફાઈલીંગ સેન્ટર ખુલ્લુ મુકાયુ



હતુ. ગાંધીનગર કોર્ટના પ્રિન્સિપાલ એન્ડ સેસન્સ જજ કુ એન સી રાવલના હસ્તે દિપ પ્રાગટ્ય કરી રીબીન કાપીને આ સેન્ટર ખુલ્લુ મુકાયુ હતુ.

આ પ્રસંગે એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ કે એસ સોજીત્રા, જજ એસ અને સોલંકી, જજ એમ જે બિહોલા,જજ એચ વી જોષી, ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલ, સરકારી વકીલ જીજ્ઞેશ જોષી કોર્ટ સ્ટાફના સભ્યો તેમજ બારના હોદેદારો સહીત વકીલો હાજર રહ્યા હતા. આ ફાઈલીંગ સેન્ટર શરૂ થતા વકીલો તેમજ અરજદારોનુ કામ સરળ બનશે.

# આજે રાજ્યમાં યોજાનાર શિક્ષકસજ્જતાનું સર્વેક્ષણ મરજીયાત છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારણાના હિતમાં તા. ૨૪ ઓગસ્ટ-૨૦૨૧ એ યોજાનારૂં શિક્ષક સજ્જતાનું રાજયવ્યાપી સર્વેક્ષણ યથાવત રહેશે અને તેમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી તેવો સ્પષ્ટ મત શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વ્યકત કર્યો છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ શિક્ષક સજ્જતા સર્વેક્ષણના થઈ રહેલા વિરોધને નિરર્થક વિરોધ ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે આ સજ્જતા સર્વેક્ષણ મરજિયાત છે-ફરજિયાત નથી. એટલું જ નહિ, તે કોઈ કસોટી કે પરીક્ષા સ્વરૂપે નથી માત્ર સર્વેક્ષણ છે. આ સર્વેક્ષણની નોંધ કે તેનો ઉલ્લેખ શિક્ષક સમુદાયની સર્વિસબૂક કે કેરિયરમાં કરવામાં



આવશે નહિ.

શિક્ષણમંત્રીએ કહ્યું કે રાજયના બાળકોના ભવિષ્યની ચિંતા કરીને તથા શિક્ષણના હિતમાં રાજ્ય સરકારે આ આયોજન કરેલું છે. બાળકને તેની કક્ષા-ધોરણ પ્રમાણે લખતા, વાંચતા અને ગણતા આવડે તે ધ્યાને રાખીને શિક્ષકોને તાલીમ આપી સજ્જ કરાય છે. શિક્ષણમંત્રીએ ગાંધીનગરમાં પ્રચાર માધ્યમો સમક્ષ આ અભિયાનની વિસ્તૃત વિગતો આપી હતી.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ શિક્ષક સંઘો સાથે બેઠક યોજીને તેમની સહમતિ મેળવી તેમને અનુકૂળ તારીખે એટલે કે તા.૨૪ ઓગસ્ટે આ સર્વેક્ષણનું આયોજન કર્યુ છે એમ તેમણે જણાવ્યું હતું.

શિક્ષણમંત્રીએ આ શિક્ષક સજ્જતા સર્વેક્ષણની જે પહેલ રાજયમાં થઈ છે તેની ભૂમિકા આપતાં જણાવ્યું કે શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા છેવાડાના વિસ્તારની શાળાના બાળકો-શિક્ષકોનું મોનિટરીંગ જેવી પહેલ શિક્ષક સમુદાયના સક્રિય સહયોગથી દેશભરમાં એકમાત્ર ગુજરાતમાં થઈ છે હવે આ શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં પણ ગુજરાત લીડ લઈ રહ્યું છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજયના ૧.૧૮ લાખ જેટલા શિક્ષકોએ આ સજ્જતા સર્વેક્ષણને આવકારી તેમાં જોડાવાની સંમતિ આપી છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

### કેન્દ્રને તાકીદ
● અનુસંધાન પહેલાનું ચાલુ

એક તરફ કોર્ટે કેન્દ્ર સરકારને ઉકેલ શોધવાની સલાહ આપી, તો બીજી તરફ તેણે ખેડૂતોને આંદોલનને લગતી સલાહ પણ આપી હતી. કોર્ટે કહ્યું કે ખેડૂતોને આંદોલન કરવાનો અધિકાર છે, પરંતુ તેઓ આ માટે રસ્તા બંધ કરી શકતા નથી. તેઓ અન્ય સ્થળેથી પણ આંદોલન કરી શકે છે. નોઈડાની રહેવાસી મોનિકા અગ્રવાલે કોર્ટમાં અરજી કરી હતી કે નોઈડાથી દિલ્હીનો રસ્તો જે માત્ર ૨૦ મિનિટનો હતો, હવે બે કલાકથી વધુ સમય લાગી રહ્યો છે. આ મામલાનો અંત આવવો જોઈએ. આ સાંભળીને કોર્ટે કહ્યું કે ખેડૂતોનો પ્રશ્ન અન્ય રીતે ઉકેલી શકાય છે. પરંતુ સામાન્ય લોકોને તેના કારણે મુશ્કેલી ઉભી થવી ન જોઈએ.

### ૩૦૦ ઠાર કર્યા
● અનુસંધાન પહેલાનું ચાલુ

પર રસ્તામાં ઘાત લગાવીને હુમલો કર્યો. આ હુમલામાં તાલિબાનના ૩૦૦ ફાઈટરોને મોતને ઘાટ ઉતારી દીધા છે. તાલિબાને અફઘાનિસ્તાનના ૩૩ પ્રાંતો પર કબજો કરી દીધો છે. માત્ર એક પંજશીર પ્રાંત જ એવો છે જ્યાં તાલિબાનની સત્તા નથી. પંજશીરની નજીક આવેલા બગલાન પ્રાંતના અંદરાલ જિલ્લામાં ગત મોડી રાત્રે મોટી સંખ્યામાં તાલિબાની ફાઈટરોએ હુમલો કર્યો હતો. અહીં અનેક લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. હુમલાને જોતાં બગલાનના દેહ-એ-સલાહ જિલ્લામાં વિદ્રોહી ફાઈટરોને એકત્ર કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. મૂળે, પંજશીરમાં અહમદ શાહ મસૂદના દીકરા અહમદ મસૂદ અને પોતાને અફઘાનિસ્તાનના કેરટેકર રાષ્ટ્રપ્રમુખ જાહેર કરી ચૂકેલા અમરૂલ્લાહ સાલેહ તાલિબાનને જોરદાર ટક્કર આપી રહ્યા છે.

## ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલના અધ્યક્ષ સ્થાને

# શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ અમરેલી દ્વારા કેન્દ્રીયમંત્રીશ્રી રૂપાલા સાહેબનો સન્માન સમારોહ યોજાયો

અમરેલી ખાતે શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ સિવિલ હોસ્પિટલ દ્વારા ચેરમેનશ્રી,વતનના રતન, કેળવણીકાર વસંતભાઈના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીયમંત્રીશ્રી માન.પરશોતમભાઈ રૂપાલા સાહેબનો સન્માન સમારોહ ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ

**શિક્ષણ , સમાજસેવા અને આરોગ્યસેવાના ભેખધારી વસંતભાઈ ગજેરાએ રૂપાલા સાહેબના સન્માનમાં સહભાગી બનાવ્યા તેનો મને આનંદ છે - સી.આર.પાટીલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષશ્રી**

સન્માન સમારોહ રાજયના કેબીનેટમંત્રીશ્રી જયેશભાઈ રાદડીયાના ઉદઘાટક પદે તથા સાંસદ નારણભાઈ









કાછડીયા, એનસીયુઆઈના ચેરમેન દિલીપ સંઘાણી, ધારાસભ્ય રાઘવજી પટેલ, જે.વી.કાકડીયા, જિ.પં.પ્રમુખ રેખાબેન મોવલીયા, જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા, નગરપાલીકા પ્રમુખ મનીષાબેન રામાણી, પૂર્વ ધારાસભ્યશ્રી બાવકુભાઈ ઉઘાડ,વી.વી.વઘાસીયા, ડો.ગિરીશ ભીમાણી, કાળુભાઈ વિરાણી, ડો.ભરતભાઈ કાનાબાર, હિરેન હીરપરાના મુ.મહેમાન પદે યોજાયો હતો.

**કૌરોના વોરિયર્સના સન્માન સાથે મારૂ અદકેરૂ સન્માન કરવા બદલ હું વસંતભાઈ ગજેરાનો આભારી છુ. - પરશોતમભાઈ રૂપાલા, કેન્દ્રીયમંત્રીશ્રી**





કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત ચેરમેન, કેળવણીકાર વસંતભાઈ ગજેરાએ કર્યુ હતુ તથા કેન્દ્રીયમંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલા,પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, ઉદઘાટક કેબીનેટમંત્રી પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્યશ્રી સાંસદ નારણભાઈ કાછડીયા, જે. વી. કાકડીયા, રાઘવજી પટેલને સરદાર પટેલની પ્રતિમાં આપીને સન્માનીત કર્યા હતા. આ તકે કેળવણીકાર, ગજેરા વિદ્યાભવનના મેને. ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા, એડમિનિસ્ટ્રેટીવ ઓફિસરશ્રી ડો.એકતાબેન ગજેરાએ ઉપસ્થિત સૌનું સન્માન કર્યું હતું. આ તકે સમારોહના અધ્યક્ષ સી. આર. પાટીલ, ધારાસભ્ય રાઘવજી પટેલ, ઉદઘાટક કેબીનેટમંત્રીશ્રી માન. જયેશભાઈ રાદડીયા, રાષ્ટ્રીય સહકારી આગેવાન એન.સી.યુ.આઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણી વિગેરેએ વકતવ્ય આપીને શ્રી રૂપાલા

**અમરેલીના વડીલોએ મને ખુબ પ્રેરણા આપી છે-રાઘવજી પટેલ-ધારાસભ્યશ્રી**

સાહેબના સન્માનને આવકારીને વસંતભાઈ ગજેરાની સેવા પ્રવૃતિને બીરદાવી હતી તથા સન્માનિત કેન્દ્રીયમંત્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબે પોતાના સન્માનના પ્રત્યુતરમાં જણાવ્યું હતુ કે કોરોના વોરિયર્સની ઉપસ્થિતીમાં મારું સન્માન થવું એ મારું સદભાગ્ય છે અને એ માટે હું શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના સ્ટાફને વંદન કરૂ છું. તથા વસંતભાઈ ગજેરાને અભિનંદન આપુ છું. આ તકે સુરતના અગ્રણી ઉદ્યોગપતિશ્રી પૂર્વધારાસભ્યશ્રી ધીરૂભાઈ ગજેરા, શ્રી કિશોરભાઈ કોશીયા, શૈલેષભાઈ ડાવરિયા, વલ્લભભાઈ કાકડીયા, ઈશ્વરભાઈ નાવડીયા, વિરેનભાઈ શાહ, વેલજીભાઈ છેટા, ઘનશ્યામભાઈ ધામી, બાબુભાઈ સોજીત્રા, મનુભાઈ કાકડીયા, ભવાનભાઈ ભગત,

**શ્રી વસંતભાઈ ગજેરા દ્વારા આરંભાયેલા સેવાયજ્ઞનો હું પ્રત્યક્ષ સાક્ષી છું. તેમના સેવાકાર્યોથી સમગ્ર સમાજને પ્રેરણા મળી છે-જયેશ રાદડીયા-કેબીનેટમંત્રી**

ડોકટર્સ, નર્સિસ, લેબટેકનીશ્યન, મેડિકલ, પેરામેડિકલ સ્ટાફ વિ.એ ઉપસ્થિત રહીને અભિનંદન







આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન શાંતાબા હોસ્પિટલના એમ.ડી પીન્ટુભાઈ ધાનાણીની જહેમતથી સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ ડો.એકતાબેન વૃષાલભાઈ ગજેરાએ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ બાવીશીએ કર્યું હતું.